બ્રાહ્મણ ઉન્નતિનો પ્રથમ વિચાર

ઉનેવાળ અભ્યુદયનો વધારો.

મિષ્ટાન્નમાં મોટાઈ.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥

ગીત.૭.

વારંવાર વાંચો, અને ખરૂં રહસ્ય સમજો.

પ્રયોજક અમૃતલાલ નાથજી ઠાકર.

કોચરબ તા. અમદાવાદ.

મનહર પ્રિન્ટિંગ પ્રેસ—અમદાવાદ.

મૂલ્ય ૦—૧—૦

સં. ૧૯૬૫. સ ૧૯૦૯ રિવાઆ

કાન્તાના શુભોદ્ગાર.

લલિત વૃત.

અરરર હાયરે શું હવે થશે, સ્વજાતિ નાથરે હાથંથી જશે;
સમ સુધા સુદેશી જનો જુએ, [1]મયુર માફકે ટૌકતા ખરે[2].
[3]નરરહતા વિષે જાણુતા નથી, અધિક પ્રેમમાં શું પડયા મથી;
[4]વિરમ વલ્લભા પ્રેમ મોહથી, ખચિત જાણજે શ્રેયતો નથી.
વિજય છે તમો કાર્ય જે કરો, નયન બાણમાં શું તમે મરો;
વિરહ વેદના ઓછી આદરી, જઈ જુઓ તમે ખ્રિસ્તિ પાદરી.
ચલત ચાલતા કાળમાં ફસો, મદન વેગમાં શું જુઓ રસો;
અવર જ્ઞાતિના આ બળે કળે, જઈ જુઓ તમે ભૂમિમંડળે.
[5]નરપણું કદા વિઘ્ન પાડશે, તદપિ ટેકિ તે ટેક રાખશે;
મધુર મંત્ર આ પ્રેમથી જપો, નરનરો સદા હેતમાં ખપો.

કાન્ત.

---

૧ મોર. ૨ ખરેખર. ૩ નરનું રહસ્ય. ૪ અટક. ૫ શ્રેષ્ઠતા, મોટાઇ.

કનકેશ્વરી પ્રસન્નોઽસ્તુ.

મિષ્ટાન્નમાં મોટાઈ.

વાચક ! આ વિષય લખતાં હુ ઘણોજ શોકાધીન થાઉં છું, પણ શું કરવું સત્ય નિરૂપણ કરી ભ્રાતાઓને અસત્ય માર્ગેથી વા-ળવા એ મારૂં પ્રયોજન હોવાથી હુ આ લેખનો આરંભ કરૂંછું.

મારા વડિલો, પૂજ્યો, અને ભ્રાતાઓ, આપણે સર્વે બ્રાહ્મણ એ નામથી પ્રસિધ્ધ છીએ. બ્રાહ્મણ=બ્રહ્મને જાણનાર આપણી જા-તના શબ્દની વ્યુત્પત્તિ જોતાંજ જણાય છે કે, આપણે બ્રહ્મને ઓળખવા જોઇએ. **ब्रह्मं जानाति ब्राह्मणः** બ્રહ્મને જે જાણેછે, તેજ બ્રાહ્મણો છે, બ્રહ્મને જાણવા એ કાંઈ સહેલ નથી, આખી જીંદગી ધાર્મિક કેળવણીમાં વ્યતિત કરીએ ત્યારેજ બ્રહ્મ સંબંધી પૂર્ણ જ્ઞાન થાય. આપણા પૂર્વજો જેવા કે વશિષ્ઠ, જમદગ્નિ, ભારદ્વાજ, ગોતમ વગેરેનો ઇતિહાસ તપાસીશું તો જણાય છે કે, તેઓએ જે બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યાં છે તે અગાધ ધાર્મિક કેળવણીના પ્રતાપથી-જ–રાજર્ષિ વિશ્વામિત્રને પણ બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કરવામાં કેટલાં દુઃખો સહન કરવાં પડયાં હતાં, તેમજ રાજર્ષિપદમાંથી બ્રહ્મર્ષિપદ સંપાદન

હતું ત્યારે કેટલો હર્ષ થયો હતો, તે બાબતનો વિચાર કરતાં જણાય છે કે, આપણી બ્રહ્મર્ષિની પદવી તે **મહાન શક્તિ** વાળી છે. આપણાં પુરાણાદિ પુસ્તકો વાંચતાં જણાય છે કે, બ્રાહ્મણોએ પરિબ્રહ્મ નારાયણ (કૃષ્ણ)નું એક સમયે અપમાન કર્યું હતું, પણ બ્રાહ્મણોને કૃષ્ણથી કાંઈ થઈ શક્યું નહોતું. આ પ્રમાણે સર્વના કરતાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાનો કયો રસ્તો હશે? ૧ કેળવણી ૨ કેળવણીથી કરેલાં ઉચ્ચતમ કાર્ય.

આપણે જ્યારે આવી અદ્ભુત શક્તિ ધરાવનાર બ્રાહ્મણ એ નામથી પ્રસિદ્ધ હતા, તેમજ અધુના (હાલમાં) છીએ; ત્યારે એતો નિઃસંદેહ માનવુંજ પડશે કે આપણી બ્રાહ્મણ પંક્તિમાંથી ૧૦૦ મનુષ્યો લઈએ, તો ૭૫ મનુષ્યો તો અવશ્યમેવ કેળવણી લઈ ઉત્તમ કાર્ય કરતાજ હશે; કારણ કે અમુક સંજ્ઞા પડવામાં તે બાબતના અર્થ કરતાં વધારે ભાગનું વલણ તે સંજ્ઞા તરફ હોય, ત્યારેજ એ સંજ્ઞા અમુક વ્યક્તિઓને (મનુષ્ય) મળે, એ નિ:સંશય છે.

આધુનિક સમયમાં આપણે આપણા પિતા તરફથી વારસામાં મળેલું બ્રાહ્મણ નામ જાળવી રહ્યા છીએ કે કેમ તે તરફ આપણે હવે વિચાર કરવાનો છે.

પ્રિય વાચક! અધુના આપણે બ્રાહ્મણ નામથી બાપદાદાના મહાન પરાક્રમ વડે અન્ય વર્ણથી જુદા પડી ઉચ્ચતા ભોગવીએ છીએ, પણ તેના સાથે હાલમાં આપણે આપણા માટે નવુંજ નામ ઉત્પન્ન કર્યું છે, કે જે નામ આપણને, અને આપણી ભવિષ્યની પ્રજાને ઘણુંજ શરમ ઉત્પન્ન કરનારછે. અન્યકોમ રસ્તે ચાલતાં આપણને **લાડુભટ્ટ કહીને બોલાવે એથી શું તમારા મનને ગ્લાનિ ઉદ્ભવતી**

નથી ! જગત એ દિવ્ય ચક્ષુ છે, તેથી જેવું જુએ તેવું કહે. બ્ર-
હ્મને ઓળખતા ત્યારે બ્રાહ્મણ કહેવાતા, અને લાડુને ઓળખીએ,
ત્યારે લાડુભટ્ટ કહેવાઇએ એમાં સંદિગ્ધ (સંદેહ પડતું) શું ? આ-
ધુનિક સમયમાં યજમાન વગેરે આપણને તેમને ત્યાં ભોજનાર્થે
તેડે છે, પણ "સર્પ ગયા અને લીસોટા રહ્યા" તેમ જગત દે-
ખાવ સારૂજ જમવાને બોલાવે છે. ક્યાં આપણાં હાલનાં માન,
અને ક્યાં આપણા અગાઉના વડિલોનાં માન. અગાઉ વડિલોને ભો-
જન સારૂ એટલું બધું સન્માન મળતું કે જેનો હજારમો હિસ્સો
પણ આપણને સન્માન મળતું નથી. એવા સમયમાં વડિલોને નીચે
પ્રમાણે ઉપમાઓ મળતી, તે ઘણીજ સાંભળવા લાયક છે. ગુરૂદેવ,
ગોરદેવ, મહારાજા, મહારાજ, પૂજનીય, વગેરે, પણ અધુના તો
આપણને જે ઉપમા મળી છે તે સાંભળતાજ ગુજ્ઞ વાચક વર્ગ
તો પોતાની અધમતા કયે પ્રકારે દુર થાય તે બાબત લક્ષમાં લીધા
સિવાય રહેશે નહિ. આપણને અન્ય કોમ અધુના (હાલમાં) "લાડુ-
ભટ્ટ, બે પચાસાં બ્રાહ્મણાં, બાટ બ્રાહ્મણનું લાકડું વગર પેસાર્યું પેસે;
બ્રાહ્મણની મિત્રાઇ કરવી નહિ, કારણ કે પોતે માગે ને મગાવે,
બ્રહ્મબાળ ભણશે તો ભણશે, નહિતો ગાળી ખાશે વગેરે વગેરે," ક-
હેવતોનું પિષ્ટ પેષણ (વારંવાર કહી) કરી એટલો તો પ્રહાર મારેછે
કે, કેળવણીમાં આગળ વધેલા મનુષ્યો પોતાની પ્રજાને આ પ્રહાર
માંથી મુક્ત કરવા સારૂ અનેક પ્રકારના પ્રયત્ન કરી પોતાના મનને
પોતાની કોમ સુધારવા પૂર્ણ લુબ્ધ બનાવે છે. વાચક ! તું જાતેજ
વિચાર કર કે તે કહેવતો તારાથી સહન થાય તેમ છે ?

ચાલતા આવેલા રિવાજ મુજબ આપણે પુરોહિત (ગોર) અને અન્યકોમ આપણા યજમાન એમ આપણી માન્યતા છે, પણ હાલમાં યજમાનનો અને ગોરનો સંબંધ કેટલો છે તે તરફ જરા વિચાર કરવાની જરૂર છે. બ્રાહ્મણોને ષટકર્મ કરવાની જરૂર છે, અને એ ષટકર્મ કરતા બાકી રહેલા સમયે અન્ય કોમને ધાર્મિક ક્રિયા સમજાવી પોતાનો સમય વ્યતિત કરવાનો છે.

યજમાનની વેઠ કરવા સારૂ આ સંબંધ કરેલો નથી. ઘરનું ગમે તેવું કાર્ય મુકી દઇ યજમાન બતાવે તેવું કાર્ય કરવા હાલમાં આપણે જવું પડે છે, અને યજમાનના બતાવેલાં કાર્ય કરીએ, તોજ આપણા ઉપર યજમાન પ્રીતિ રાખે (મારા સાંભળવા પ્રમાણે ઘણાક પુરોહિતોને કોઇક માણસને તેડવા જવું હોય તો પણ **સરકારી વેઠીઆ** પ્રમાણે યજમાનના કહેતાની સાથે દોડાદોડ જવું પડે છે) એવો આપણો ભાસ વિદ્યાના અભાવેજ પડી ગયો છે, બીજું કાંઇ નથી. મારા યજમાન વર્ગ ! તું પણ જાતે વિચાર કર કે તારા પુરોહિતને વેઠ કરાવે છે, તે તને કલંકિત કરનાર નથી ? તેથી કદાચ જો તુ સુધરેલો હોઊ તો તારા પુરોહિતને (ગોરને) સમજણ આપી તારો અને તારા પુરોહિતનો ખરો સંબંધ બતાવી તું તારી અને તારી આસપાસના બંધુઓમાંથી તારા પુરોહિતની વેઠ બંધ કરજે, અને પુરોહિતને (ગોરને) ભોજનાર્થે તેડે તો ઉમંગ રાખજે, લાડુભટ્ટ એવી પ્રીતિથી તેડીશ નહિ.

વાચક વર્ગ ! હવે આપણે આપણા લાડુભટ્ટની રહેણી કરણી તરફ વિચાર કરી સારાસાર જઇ ખરૂં રહસ્ય સમજાવીએ.

"લાખો રૂપીઆ ઉપર પલકમાં પાણી અને માલિકની કમાણી ધુળધાણી."

લાડુભટ્ટ નામ પાડવામાં પ્રથમ આપણોજ વાંક છે, લાડુ અથવા મિષ્ટ પદાર્થ આપણે આપણા સહાધ્યાયીઓમાં પ્રથમ ઉમંગ તરીકે કરતા કરતા હાલમાં એવા અનિષ્ટ રૂપમાં આવ્યા છીએ કે, "વર મરો કન્યા મરો પણ પુરોહિતનું તરભાણું ભરો" લાડુ કરનારનું ગમે તે થાઓ, ઘર વેચાઓ, મિલકત વેચાઓ, માથે દેવું કરો, પણ લાડુ ખવરાવો, એવા ઉદ્દગાર બ્રહ્મબંધુઓ વારંવાર કાઢે છે. ગામ, અમુક ગામનો જથો, અથવા એથી પણ વધારે જથામાં મળતાં ગામે એવા સજ્જડ નિયમ બાંધી દીધા છે કે, શુભાશુભ કાર્યે લાડુ કર્યા સિવાય ચાલેજ નહિ. લાડુ થાય તો **ભલભલે** કહેવાય એ ઉમંગથી અથવા **અમુક જ્ઞાતિવાળા** જ્ઞાતિ બહાર મુકી તિરસ્કાર કરે એ બીકથી સર્વ બધુ **લીટીલીટા** ખેંચી માથે કરજ કરી પોતાને ત્યાં આવેલા પ્રસંગે હજારો રૂપીઆ ઉપર દેવતા મુકે છે.

વાચક ! જો તું જમાના તરફ વિચાર કરી શકે તેટલી શક્તિ વાળો હોય તો જ્ઞાતિ બહાર રહેજે, પણ વાસ્તવિક ખર્ચથી બહાર પગલું ભરીશ નહિ.

હાલમાં વિદ્યાહીન, નિર્ધન, અને દુર્બળ જ્ઞાતિ જોતાં બ્રાહ્મણનીજ લાગે છે. તેનું મૂળ કારણ મિષ્ટાન્નમાં મોટાઈ છે. કરોડો

રૂપીઆ બ્રાહ્મણ પંક્તિ લાડુમાં ખરચી નાંખી પોતાના બાળને નિર્ધન અવસ્થામાં મુકે છે, તે શું તેની મોટાઇ ઉપર **કુહાડાનો ઘા** કરતો નથી ! પોતાને ત્યાં લાડુ, અન્ય બ્રહ્મબંધુને ત્યાં લાડુ, યજમાનને ત્યાં લાડુ, તેથી હાલમાં બ્રાહ્મણનું જીવન લાડુ ઉપરજ થઇ પડ્યું છે. તે બાબત આપણે હવે વિચારીએ છીએ, સુજ્ઞ વાચક વર્ગ ! તે બાબત તું વિચાર કરી અમલમાં મુકવા પ્રયત્ન કરજે.

બ્રહ્મબાળ વિદ્યાનો ઉપાસક, વિદ્યામાંજ તલ્લીન, તે હાલમાં આપણા લાડુનો ઉપાસક થઈ પડ્યો છે, તેથી અમુક દિવસ લાડુ ન મળે તો તેના મુખમાંથી બાપ હવે તો દુકાળ પડશે, થોડા દિવસમાં મીઠાઇ થાય તો ઠીક, અમુક માણસ ગુજરી ગયા તેને બાર દિવસ કયારે થાય વગેરે, ઉચ્ચારો નીકળે છે. **બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા** એ કહેવત પ્રમાણે બાળક પણ માબાપના આવા લાડુ તરફના ઉચ્ચાર જોઇ પોતાની જીંદગી એમાંજ વ્યતિત કરવાની સમજી વિદ્યાભ્યાસ તરફ બેકાળજી રાખેછે. અનુકરણ શક્તિ એ સમર્થ ઇશ્વરથી તે હલકામાં હલકા પ્રાણી સુધી છે. આપણા પરમ પૂજનીય કૃષ્ણ પરમાત્માએ ગીતાજીમાં કહ્યું છે કેઃ—

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । મોટા માણસો જે આચરણ કરે છે, તેનેજ અનુસરીને બીજાઓ ચાલે છે. તેથી ઘરમાં માબાપની જેવી રહેણી કરણી હોયછે. તેવીજ બાળકમાં ઉત્પન્ન થાયછે. માબાપ ધાર્મિક ક્રિયામાં પૂર્ણ રીતે નિમગ્ન (ડુબેલા) હોય તો.બાળકો પણ ધાર્મિક ક્રિયામાં પૂર્ણ રીતે નિમગ્ન રહે છે, માબાપ પોતાની જ્ઞાતિનું ભલું ઇચ્છતાં, હોય, તો બાળકો પણ પોતાની જ્ઞાતિનું ભલું ઇચ્છેછે, મા-

બાપ પોતેજ વ્યભિચારમાં આચકો ખાતાં ન હોય તો બાળકો પણ આ ક્રૂર ટેવના બાળપણથીજ ભોગી થઇ પડે છે, અને માબાપજ ખાવા પીવામાં અનિયમિત રહી સર્વદા તેમાંજ આનંદ માનતાં હોય તો બાળકો પણ તેવાંજ નિવડે છે. વાચક ! વિચાર કે આ પ્રમાણે તું જે ટેવનો ભોગી થઇ પડ્યો હોઇશ, તે ટેવ તારા બાળકોને લાગુ પડશે કે કેમ !

જમવાના આગળના દિવસની વર્તણુંક તો આપણી એટલી નીચતા દેખાડે છે કે, તેને અન્યકોમ તિરસ્કાર કરી જમવાનું બંધ કરવા વિચાર કરે છે. પંચ ભરાય, પટલાઇ થાય, વાંધાઓનું નિરાકરણ થાય, નિરાકરણ કરવામાં કદાચ બીજી જ્ઞાતિ પણ ઉભી થાય વિગેરે, બાબતનું જમવાના આગલા દિવસે એટલું પ્રદર્શન કરીએ છીએ કે, આપણામાં બ્રહ્મત્વ કેટલું છે, તે ત્યાંજ સાબિત થાય છે. અન્યકોમ આપણે બ્રાહ્મણ છીએ, એનું છેવટના હરહર મહાદેવના ઉચ્ચારથી જાણે તો ભલે, બાકી આપણી વર્તણુંકથી તો આપણું બ્રહ્મત્વ દેખાય તેમ છેજ નહિ. હરહર મહાદેવના ઉચ્ચારથી આનંદમાં ડુબેલા બ્રહ્મ બંધુઓ ઘર તરફ આવતા દિવસની લાડુની વાર્તા કરતાજ પસાર થાય છે, અને બાળકોને ઘણાજ હર્ષથી આ **અમુલ્ય** વધામણી એટલી બધી વખત કહે છે કે, બાળકની તમામ વૃત્તિ જમવા તરફ જાય છે. અગાઉના દિવસથીજ આટલો હર્ષ તો પછી જમવાના ચાલુ દિવસના હર્ષની વાત ક્યાં !

દિવસના ઉદયથી તે અસ્ત સુધી માબાપ, અને બાળકો ગૃહ-

કાર્ય પડતું મુકી ભોજન સમયની વાટ જોતાં તેજ બાબતમાં તલ્લિન રહે છે. પ્રિય સુજ્ઞ ! વિચાર કે શું આપણા પૂર્વજોની સમય વ્યર્થ નહિ ગુમાવવાની અમૂલ્ય લાગણી ? અને શું હાલની આપણી સમય વ્યર્થ ગુમાવવામાંજ ઉચ્ચતમ લાગણી ! આવા સર્વ જમવાનાજ પ્રસંગે બાળકો કેળવણી લેતો કદી પણ તેઓની વૃત્તિ હાલના જેવી રહે નહિ, પણ એ સમય કયાં ! જમવાનો સમય થયે ઘણાજ ઉલ્લાસ. થી જમવા જાય છે, વિદ્યાના વિનોદી, વિદ્યામાંજ સર્વ સમય વ્યતિત કરનાર, તે ત્યાં પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી વાર્ત્તાઓ કરે છે. **वेदंपठन्ति ब्राम्हणाः** બ્રાહ્મણો વેદને ભણે છે (ચાર લાડુ ખાય તે વેદ ભણ્યો કહેવાય) કેટલા ગાઉ ચાલ્યા, કાળકાજી જઈ આવ્યો. (૩ ગાઉ જતાના+૩ ગાઉ આવતાના મળી ૬ થાય તેટલા લાડુ મેં ખાધા એમ એ સંજ્ઞાથી સમજાય છે) સિંહ ગર્જના થવી જોઇએ વગેરે, વગેરે, વાકયોથી વાર્ત્તાલાપ કરતા અને જેમ બને તેમ વધારેમાં વધારે જમવામાં આનંદ માની જમણ કાર્ય પુરૂં થયે બાળકો સાથે ઘર તરફ વલણ કરેછે. આવા પ્રસંગે કેટલાક અન્ય ગામથી આવેલા બ્રહ્મ બંધુઓની સ્થિતિ વાચક તું જાણે છે, એટલે એ બાબત ચગડોળે ચડાવવી એ હું ઉચિત ધારતો નથી.

સમય બલિષ્ટ છે, એક વખત જે બ્રહ્મ બંધુઓ ગુરૂપદવી ઉપર હતા તે આજે લાડુભટ્ટની પદવી ભોગવી તેમાંજ આનંદ માને છે, શું કેળવણીની ખામી !

આપણાં પ્રાચીન વૈદક શાસ્ત્રો, આધુનિકવૈદો અને ડૉકટરો કહેછે કે,

"તન અન્નને ખાય, પણ અન્ન તે પણ તનને ખાયછે"

શરીરનો ઘસારો પૂર્ણ કરી મજબુત બાંધાના થવા સારૂ અન્ન ખાવાની જરૂર છે; પણ એજ અન્ન શક્તિ ઉપરાંત ખાવામાં આવે તો શરીરને પાયમાલ સ્થિતિમાં લાવી મુકે છે. દરેક મનુષ્યે પોતાના ઉદરના ચાર ભાગ પાડી પોતાને નિરોગીજ રહેવું હોય તો બે ભાગ અન્નથી ભરવા જોઇએ. વાચક ! વિચાર કે જમવાના પ્રસંગે એ નિયમ તું સાચવે છે ? અરે ? ચાર ભાગ ભરાતાં પણ તારી ભ્રષ્ટ દાઢને તું અટકાવતો નથી; ત્યારે તારા શરીરને અન્ન ખાશે કે કેમ ? એક તરફ બ્રહ્મચર્યના ભંગ સિવાયના તમામ કારણોથી ઉત્પન્ન થયેલા રોગ એકઠા કરો અને બીજી તરફ ફકત અજીર્ણ વિકારથી થયેલા રોગ ઉત્પન્ન કરો તો અવશ્યમેવ અજીર્ણથી થયેલા રોગની સંખ્યા વધારે થશે. આપણા વૈદો કહે છે કે, **ज्वरनाशाय लंघनम्।** ઉપવાસ કરવાથી તાવનો નાશ થાય છે, આજ બતાવી આપે છે કે, વધારે ખોરાકથી થયેલો અજીર્ણ વિકાર ઉપવાસથી નાશ થાય છે, અને તેથીજ તાવ અટકે છે. પ્રિયતમ બ્રહ્મ બંધુ ! વિચાર કર કે તારા લાડુ એ શારીરિક સ્થિતિને કેટલું નુકસાન કર્તા છે ?

શારીરિક સ્થિતિ સારી હોય તોજ માનસિક સ્થિતિ સારી રહે છે, અને શારીરિક સ્થિતિ અને માનસિક સ્થિતિ સારી હોય તોજ આર્થિક સ્થિતિ સારી થાય છે, તેથી શારીરિક સ્થિતિ બગાડનાર લાડુ એ એક ક્રૂરમાં ક્રૂર રાક્ષસ છે એમ કયો સમજુ વર્ગ કહ્યા સિવાય રહેશે ! સારાંશ કે પારકે ઘેર કરેલા ભોજનથી અનેક નુક-

સ્થાન છે, તેથી તેનો જેમ બને તેમ ત્યાગ કરવા ઉપર લક્ષ રાખો, અને **गतं शोचनं कर्त्तव्यं** ગયેલી બાબતનો શોક મુકી દઈ ભુલ્યા ત્યારથી ફરી ગણો. આપણે આપણી જીંદગી તો ગમે તે રસ્તે પૂર્ણ કરી, પણ બાકી પ્રજા તેવા અધમ રસ્તાથી મુક્ત થઈ સર્વ રીતે વિજયી નિવડે તેવું વર્તન રાખો. હાલના સુધારકો એવી બુમ મારે છે કે બ્રાહ્મણને જમાડવામાં કાંઇજ સાર નથી. હા હું પણ કહુંછું કે **"ફુટેલ નગારાપર સૌ દંડી મારે"** એવો ચાલુ જમાનાનો નિયમ છે, તેથી હાલની સ્થિતિને અનુસરી બધાઓ પોતાના સંબંધમાં આવની બધી પ્રજાને શ્રેષ્ઠ કરવા પ્રયત્ન કરશે. જમાના તરફ વલણવાળા સુધારક અન્ય બંધુઓને સુઉદ્યમે લગાડવા રાત્રિ દિવસ અથાગ શ્રમના ખાડામાં ઉતરે છે, તેનો ઉપકાર આપણે અવસ્યજ માનવો જોઇએ, પણ આપણે તો હાલમાં ઉપકારને બદલે અપકાર માની તેમની પૂંઠ પાછળ અપશબ્દનો વરસાદ વરસાવીએ છીએ. સુધારકો બ્રાહ્મણને લાડુ જમાડવામાં કાંઇજ શ્રેય: નથી એવી બુમ મારે છે એ કાંઇ બ્રાહ્મણોને નીચા પાડવની નથી, પણ અન્ય કોમ બ્રાહ્મણના લાડુ બંધ કરશે તોજ બ્રાહ્મણની ઉન્નતિ થઇ પ્રથમની માફક કેળવણી તરફ લક્ષ રહેશે. એતો ખુલ્લુજ છેકે, કેળવણીથી શ્રેષ્ઠતમ કાર્ય કરવા ઉપરજ આપણું લક્ષ રહેશે તો અસલ પ્રમાણે આપણે સર્વના પુજનીય થઈ પડીશું. કોઇ મનુષ્ય આથી ઉલટું અનુમાન સુધારક તરફ બાંધી એમ કહેશે કે સુધારકો બ્રાહ્મણને જમાડવામાં શ્રેય નથી એવી બુમ ઇર્ષાભાવથીજ

મારેછે, પણ એથી શું વિચાર કે તે ઇર્ષાભાવમાં પણ તને લાભ છે કે નહિ? રહસ્ય એજ કે આપણે તો ગમે ત્યાંથી સાર ગ્રહણ કરી ગયેલી બ્રહ્મર્ષિપદવી પ્રાપ્ત કરવા કેળવણી તરફ પુરતું લક્ષ રાખવું, એમાંજ આપણો સદા વિજય છે, તેથીજ મારા બ્રહ્મબંધુઓ સુધારકને અતિશય શ્રમમાં ઉતારવાનું બંધ કરવા તત્પર થાઓ, અને જેમ બને તેમ પારકા ઉપર આધાર રાખવાનું તજી દો, અને દરેક માણસ પોતાની જ્ઞાતિ સુધારવા જાતેજ મહેનત લ્યો. **स्वय. मृत्वा स्वर्ग न लभ्यते ।** આપ મુઆ વિના સ્વર્ગે જવાતું નથી. તેથી જાતે કમર કસો. અને જાતેજ અધમ રસ્તેથી દુર થવા **જ્ઞાતિવરા** ઓછા કરો, અને પછી બીજાને ત્યાં જતા અટકી લાડુભટ્ટ નામ સર્વને માટે નાશ કરો. વચક । **यद्यपि शुद्धं लोक विरुद्धंनाकरणीयं ना आचरणीयं ।** જે જે શુદ્ધ હોય પણ લોક વિરૂદ્ધ હોય તો તેને કરવું નહિ, અને આચારમાં પણ ન મુકવું એવી આ કહેવતથી ઉલટો થઇ હું આપની સમક્ષ સત્યના રસ્તે બે બોલ કહેવા તૈયાર થયોછું. તેનું ખરૂં કારણ ફકત બ્રહ્મબંધુઓની સ્થિતિની લાગણીજ છે તો દીર્ઘ સાર ગ્રહણ કરશો. અને જેઓ જ્ઞાનમાં કાંઇક આગળ પડતા હો તેઓ આ લઘુ પુસ્તકનું ખરૂં રહસ્ય સમજાવી પોતાની જ્ઞાતિની ઉન્નતિ કરવા ચુકશો નહિ એમ હું વારંવાર વિજ્ઞપ્તિ કરી કહુંછું. તેથી જેમ બને તેમ આ બુક તમારા સહવાસમાં આવતો દરેક બંધુ વાંચે એવો પ્રયત્ન કરો, અને બાળપ્રજા અને ભવિષ્યની પ્રજા ગયેલું બ્રહ્મત્વ પાછું મેળવો.

તથાસ્તુ.

ક્ષત્રિબાળક.

થાઓ થાઓ તમે તૈયાર, નિદ્રાની હવે હદ થઇરે.
આ સમય જોઇને લગાર, ”
ઘણા દિવસ ઉંઘ્યા અઘોર, ”
લીધું ફળ તેનું તમે કઠોર, ”
ક્ષત્રિત્વ ગયું નથી ભાન, ”
શૂદ્ર પાસે માગો શું માન, ”
સાંયકારી કનકંબા માત, ”
છતાં જાગો પડયા શું તાત, ”
કરે પોકાર વિધવા હાય, ”
ભૂએ દીન થઇ પાડે કાય, ”
બાળલગ્ન કરો થઇ અંધ, ”
પ્રજા કરોછો તમો મતિમંદ, ”
હિંદ ભૂમિતણાછો ભૂપ, ”
જાણી જોઇને પડોછો કુપ, ”
જોઇ સમય કરોને કાજ, ”
ક્ષત્ર રૂપી ભોગવવા રાજ, ”
રાખો શુદ્ધ શરીરે નીર, ”
ઉઠો ઉઠો હવે તમે વીર. ”

લી. ક્ષત્ર બંધુઓનો સેવક.

બ્રહ્મ બંધુઓને અગત્યના બે બોલ.

૧ બાળ પ્રજાની તમામ વૃત્તિ વિદ્યાભ્યાસમાંજ રાખો.

૨ જ્ઞાતિવરામાં વપરાતું દ્રવ્ય ઓછું કરી તે દ્રવ્ય કેળવણીમાં વાપરો.

૩ બાળકો બ્રહ્મચર્યનો ભંગ કરી વીર્યપાત કરેછે, તે ઉપર પૂરતું લક્ષરાખો.

૪ બાળલગ્ન બંધ કરવા સુજ્ઞજનો પોતાનેજ ત્યાં બાળલગ્ન બંધ કરી સજ્જડ દાખલો બતાવો.

૫ નાની બાળકીઓને ધાર્મિક શિક્ષણ આપો.

૬ પુખ્ત ઉમરની સ્ત્રીઓને સદાચાર સિવાયનાં પુસ્તકો વાંચતાં અટકાવો.

૭ વખત અમૂલ્ય છે એમ સમજી તેનો સદુપયોગ કરો.

૮ બાળપ્રજાને પરોક્ષ રીતે બોધ આપવા જાતેજ સદ્વર્તન રાખો.

વિજ્ઞપ્તિ.

વાચક વર્ગ ! બ્રાહ્મણ ઉન્નતિનો પ્રથમ વિચાર એ નામનુસાર કરેલા લઘુ પુસ્તકનો પ્રચાર આપણી કોમમાં જલદી કરવા બુકનો જથ્થો ફેલાવો થયેથી બ્રાહ્મણ ઉન્નતિનો દ્વિતીય વાર **ભીખ સબંધી નિબંધ છે,** એ બહાર પાડવામાં આવશે.

---

૧ "ઉન્નતિના અભ્યુદય" એ માસિક બ્રાહ્મણ કોમને ઘણુંજ ઉપયોગી વાંચો, અને ખરૂં રહસ્ય સમજો વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૦–૦ પોસ્ટ માફ. નમુનો મંગાવો. મૂલ્ય ૦–૨–૦.

મણિશંકર શિવશંકર પંડ્યા.

અમદાવાદ શાપુર નગીના પોળ.